# ભાજપમાં 'ઘીના ઠામમાં ઘી'

## નિતીન પટેલને નાણાંખાતું મળ્યું, નંબર-૨નું સ્થાન મળતાં ચાર્જ લઇ લીધો



ગાંધીનગર, તા. ૩૧ ગુજરાતમાં કેબિનેટમાં ખાતા ફાળવણીમાં ચાલેલી ધમાસાણ બાદ ઘી ના ઠામમાં ઘી પડ્યું છે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ તેમને ફાળવાયેલા વિભાગોથી નારાજ થયા હતા પરંતુ હાઈકમાન્ડની દરમ્યાનગીરી પછી તેઓને તેમનું નાણા મંત્રાલય પાછું આપવામાં આવ્યું છે. તેઓએ રવિવારે રજા હોવા છતાં વર્ષના આખરી દિવસમાં સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં જઈને ચાર્જ સંભાળી લીધો છે.

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટમાં રોડ શો કરી રહ્યાં હતા ત્યારે નિતીન પટેલે અમદાવાદમાં તેમના નિવાસસ્થાને ચાર્જ લેવાની જાહેરાત કરી હતી. નિતીન પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે મને બીજા નંબરનું સ્થાન આપવામાં ન આવતાં મને દુખ થયું હતું, મને યોગ્ય વિભાગો મળે તેવી મારી લાગણી હતી. સવારે સાત વાગે મને અમિતભાઈનો ફોન આવ્યો હતો, તેમણે મને વિનંતી કરી હતી કે તમે ચાર્જ સંભાળી લો. સીએમ રૂપાણી રાજ્યપાલને ખાતા બદલીનો પત્ર આપશે. હું અત્યારે ઓફિસમાં જઈ મારો નવો વિભાગ સંભાળવાનો છું. તેમણે કહ્યું હતું કે મને બીજા નંબરનું સ્થાન આપવામાં આવ્યું છે, અમિત શાહ અને રામલાલે મને ખાત્રી આપી છે. હવે મને કોઈ અસંતોષ નથી. મેં અગાઉ પણ નાણાં મંત્રાલય સોંપ્યું હતું. હોદ્દાને અનુરૂપ ખાતું મળ્યું છે. હું સ્વર્ણિમ સંકુલમાં જઈને મારા વિભાગનો ચાર્જ સંભાળીશ.

સૂત્રો કહે છે કે નિતીન પટેલને નાણાં ખાતું પાછું આપવામાં આવ્યું છે. હવે કેબિનેટમાં નિતીન પટેલનું સ્થાન નંબર-૨નું આવ્યું છે. મહેસાણામાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બીજી તરફ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખાતાની ફેરબદલનો પત્ર રાજ્યપાલને મોકલી આપ્યો હતો અને રાજ્યપાલે નિતીન પટેલને નાણાં વિભાગ ફાળવવાના પત્રમાં સહી કરી દીધી છે.

## આરોગ્ય ચકાસણી ઝુંબેશ દરમિયાન દરેક શાળામાં બાળ ડૉક્ટરની નિયુક્તિ કરાશે

ગાંધીનગર, તા.૩૧

શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન દરેક શાળામાં એક બાળ ડૉક્ટરની નિયુક્તિ કરવામાં આવશે.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલી આ વર્ષે શાળા આરોગ્ય ચકાસણી અભિયાનમાં આ નવતર અભિગમ અપનાવી તંત્રએ બાળકોમાં નાનપણથી જ વિજ્ઞાન પ્રેમ જાગે તે માટે બાળ ડૉક્ટરની નિયુક્તિ કરવાનો નિર્ણય કર્યો છે. બાળકોને રમતાં રમતાં વાગી જાય તો તેની જાણ પહેલી બાળકોને થતી હોય છે. અને પછી શિક્ષક અને વાલીને થતી હોય છે. ત્યારે આ બાળ ડૉક્ટર આવી ઘટનાઓનું ધ્યાન રાખશે એટલું જ નહિ પણ ઝડપથી તબીબી સારવાર સમયસરની મળી રહે તે અભિગમ સાથે આ નિયુક્તિ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યના આરોગ્ય કમિશનર જયંતિ રવિ તો તાજેતરમાં અરવલ્લી જિલ્લાના પ્રવાસ દરમિયાન આ બાળ ડૉક્ટરોને મળી આવ્યા છે એટલું જ નહિ સરકાર દ્વારા શારા આરોગ્યનો જે કાર્યક્રમ ચાલી રહ્યો છે તેની વિસ્તૃત જાણકારી પણ બાળકોને આપી હતી.

તેમણે બાળકો સાથે કરેલી ગોષ્ઠિથી બાળકો ખૂબ પ્રેરિત થયા હતા.

દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ૭૦૦ જેટલા બાળ આરોગ્ય નિમવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## મુખ્ય માર્ગો પર જ વન આરક્ષિત જગ્યાની ફેન્સીંગમાં ગાબડા

### સેક્ટરોમાં પણ ફેન્સીંગ તુટેલી હોવાની ફરિયાદો અન્વયે સર્વે હાથ ધરી યોગ્ય કામગીરી હાથ ધરવા માંગ

ગાંધીનગર તા ૩૦

શહેરમાં વન આરક્ષિત જગ્યામાં વૃક્ષોની યોગ્ય માવજત અને ઉછેર માટે તંત્ર દ્વારા ફેન્સીંગ કરી દેવાયુ છે. જયારે ફેન્સીંગ તુટવાની ફરિયાદો વધતા વનતંત્ર દ્વારા સિમેન્ટના પોલના ઠેકાણે લોખંડની એંગ્લ ફીટ કરી ફેન્સીંગ કરવાની યોજના હાથ ધરાઈ છે. આમછતા હજુ ઘણાં ઠેકાણે ફેન્સીંગ તુટેલી હાલતમાં જોવા મળે છે. ઘ માર્ગ પર સે-૧૭ પાસે વોલને અડીને વનતંત્રની ફેન્સીંગ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે.

શહેરમાં વનતંત્ર દ્વારા વરસાદી દિવસોમાં નવા રોપાઓ ઉછેરવા માટે આગોતરુ આયોજન કરવામાં આવે છે. જયારે આ નવા રોપાઓ ઉછેરવા માટે વનઆરક્ષિત જગ્યામાં રોપાઓની વાવણી બાદ તેના રક્ષણ અને જાળવણી માટે પણ તકેદારી રાખવામાં આવતી હોવાનુ તંત્ર દ્વારા જણાંવાય છે. વન આરક્ષિત જગ્યામાં વૃક્ષોની દરકાર લેવા માટે તેમજ દબાણ સહીતની સમસ્યાઓને ડામવા માટે વનતંત્ર દ્વારા ફેન્સીંગ કરી વૃક્ષોને રક્ષણ પુરુ પાડવામાં આવ્યુ છે. જયારે અન્ય કોઈપણ પ્રકારના દબાણો ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવતી હોવાનુ પણ વનતંત્રના સુત્રોએ જણાંવે છે. પરંતુ શહેરમાં અગાઉ સિમેન્ટની થાંભલીવાળી ફેન્સીંગ ઠેર ઠેર તુટેલી હાલતમાં જોવા મળતી હતી. જયારે તુટેલી ફેન્સીંગના લીધે વનઆરક્ષિત જગ્યામાં વિવિધ જગ્યાએ છીંડા જોવા મળતા હતા. જો કે વનતંત્ર દ્વારા સમયાંતરે તબક્કાવાર લોખંડના

● અનુસંધાન પાન-૭ પર



ફ્લાવર શોનું આકર્ષણ - રિવરફ્રન્ટ ખાતે આરંભાયેલ ફ્લાવર શોએ ભારે આકર્ષણ જમાવ્યું છે... પ્રકૃતિમાં પ્રગટતા પુષ્પોને નિહાળવાનો અનોખો લ્હાવો પ્રાપ્ત થયો છે... વિવિધ પ્રકારના પુષ્પો અને ફુલ-છોડથી ફ્લાવર-શોનું પરિસર સુગંધિત બની ગયું છે... ઠેકઠેકાણેથી ફ્લાવર-શો જોવા માનવ મહેરામણ ઉમટે છે... અને વિવિધ ફ્લાવરની વિવિધ કૃતિઓની મજા માણે છે...

## તાલુકા પંચાયત અને માણસા પાલિકાની ચૂંટણી માટે રાજકીય ચહલપહલ શરૂ થઈ

### બંને પક્ષોએ કવાયત હાથ ધરી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર તાલુકા પંચાયતની માણસા નગરપાલિકાની આવી રહેલી સામાન્ય ચૂંટણીને લઈ ભાજપ અને કોંગ્રેસે તેની પ્રાથમિક કવાયતો હાથ ધરી છે.

ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપાલિકા બંને હાલ ભાજપ પાસે છે. આ બંને પંચાયતી રાજની સંસ્થાઓ પર કોંગ્રેસે કબજો જમાવવા માટે સંકલ્પ કર્યો છે.

આ બંને સંસ્થાઓની ચૂંટણી અંગે જિલ્લા એકમોએ તેમની પ્રાથમિક કવાયતો હાથ ધરી છે. તેમાં નવા સીમાંકનને લઈ ઉમેદવારોની પસંદગીના માપદંડ નિયત કરવા, નવા સીમાંકનમાં મતદારોની વૃદ્ધિ અને તેમનો ઝુકાવ કઈ બાબતો તરફ રહેશે તેનું વર્ગીકરણ કરવા તેમજ પ્રચાર અભિયાનમાં કયા મુદ્દા રાખવા તેવી બાબતોની તૈયારીઓ આરંભી છે.

બંને પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૦મી પછી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ માટે નિરીક્ષકો પણ નિમવામાં આવશે. જો કે આ બધા નિર્ણયો જિલ્લા કારોબારીની બેઠકમાં લેવામાં આવશે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં ભાજપ તેની સત્તા પર કબજો જમાવી રાખવા માટે પોતાની આગવી વ્યુહરચના તૈયાર કરશે તેમ મનાઈ રહ્યું છે. તાલુકા પંચાયત દ્વારા કરાયેલા વિકાસ કામોનો હિસાબ પણ જનતા સમક્ષ મુકવામાં આવનાર છે.

માણસા નગરપાલિકા અને તાલુકા પંચાયતમાં ભાજપની નિષ્ફળતાઓને છતી કરવાની વ્યુહરચના કોંગ્રેસ દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે.

## હાઈ સીકયોરિટી રજિસ્ટ્રેશન પ્લેટનો ફરજિયાતના નિર્ણયનો અમલ શકય જ નથી

### રાજયમાં સવા કરોડથી વધુ વાહનોમાં નંબર પ્લેટ બદલાવાની થાય છે, જે હાલ ખુબ જ મુશ્કેલ

અમદાવાદ,તા. ૩૧

ગાંધીનગર-અમદાવાદ સહિત રાજયભરના વાહનોમાં જૂની નંબર પ્લેટ બદલી હવે હાઈ સીકયોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચએસઆરપી) ફરજિયાતપણે તા.૧૫મી જાન્યુઆરી સુધીમાં લગાવી દેવા રાજય સરકારે ફરમાન જારી કર્યું છે પરંતુ સરકારના આ તઘલખી નિર્ણયનો વાસ્તવિક કે વ્યવહારૂ અમલ શકય જ જણાતો નથી. કારણ કે, સરકારે તા.૧૫મી જાન્યુઆરી સુધીની જે મહેતલ આપી છે, તેમાં તો કોઈકાળે એચએસઆરપી લગાવવાનું કામ પૂર્ણ જ થાય તેમ

● અનુસંધાન પાન-૭ પર

## નવા વર્ષના પ્રારંભે અભિલાષીએ છીએ...



ગાંધીનગર શહેર સ્માર્ટ સીટી તરીકે આગળ વિકસી રહયુ છે. ત્યારે આવનારા દિવસોમાં શહેરમાં ૨૪ કલાક અને ૩૬૫ દિવસ પાણી પુરવઠો સપ્લાય કરવા માટે પાણીની મુખ્ય લાઈનને અપગ્રેડ કરવા યોજનાને અનુલક્ષી ડી પી આર તૈયાર કરી દેવાયો છે. કેન્દ્ર અને રાજય સરકારના સહયોગથી કોર્પોરેશન વિકાસના કામો હાથ ધરી નગરને નમુનારૂપ બનાવવા કટીબધ્ધ છે. સફાઈની દ્રષ્ટીએ નગર ૨૦માં ક્રમે રહયુ છે. આવનાર વર્ષ ૨૦૧૮ માં નગરજનોની આરોગ્ય સુખાકારી વધે તેવી અપેક્ષા સેવુ છું.

**પ્રવિણ પટેલ - મેયર**



ગાંધીનગર શહેર અને જિલ્લાના નાગરિકોના પ્રશ્નો ઉકેલવામાં હું નિમિત્ત બનું અને વિકાસના યજ્ઞમાં મારી પણ નોંધપાત્ર આહુતિ આપી શકું એવી નવા વર્ષે મારી અભિલાષા છે. સાથો સાથ કલ્યાણ અને વિકાસ સાચા અર્થમાં છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે એવો પુરુષાર્થ કરવાની શક્તિ વર્ષ ૨૦૧૮માં પ્રગટે એવી પરમ તત્વને પ્રાર્થના કરું છું. શહેર - જિલ્લાના સૌ નાગરિકોને મારી શુભકામનાઓ પાઠવું છું અને પ્રતિબદ્ધતા વ્યક્ત કરું છું.

**ડો. સી. જે. ચાવડા**
**- ધારાસભ્ય, ગાંધીનગર ઉત્તર**



આજથી શરૂ થનારુ નવુ વર્ષ દેશ દુનિયામાં શાંતિ સુખ અને સમૃધ્ધિ આપનારુ નિવડે તેવી પ્રાર્થના સાથે ગાંધીનગરના વિકાસની વિશેષ અપેક્ષા સેવુ છું. ગાંધીનગર સ્માર્ટ સીટી તરીકે આગળ વધી રહયુ છે. ત્યારે આવનારા દિવસોમાં શહેરમાં નગરજનોને વધુ સુવિધા મળે ગ્રીન સીટી વધુ ગ્રીન અને રળિયામણુ સુંદર બને તેવી પણ ખેવના છે. સ્માર્ટ સીટી તરીકે ઉભરતા ગાંધીનગરમાં માળખાગત સુવિધાઓ પણ અપગ્રેડ થાય તેમજ આમ નાગરિકોની દુવિધાઓ દુર થાય તે મુજબના કામો થાય તેવી પણ અપેક્ષા આવનારા નવા વર્ષમાં સાકાર થશે.

**અશોક પટેલ, પુર્વ ધારાસભ્ય**



આગામી વર્ષ ૨૦૧૮માં યુવા શકિતનો નવોયુગ શરૂ થાય તેવી અપેક્ષા સાથે નવા વર્ષને વેલકમ કરુ છુ. યુવાનો યોગ્ય દિશામાં રાષ્ટ્ર અને સમાજ હીતના કામોમાં આગળ વધે તેવી પણ અપેક્ષા છે. યુથ પાસે વિશેષ શકિતઓ છે. ત્યારે યુવાશકિત દેશના વિકાસ અને રાષ્ટ્રવાદની ભાવના વધુ મજબુત બનાવવા માટે સકારાત્મક દિશામાં કદમ બઢાવે તેવી અપેક્ષા નવા વર્ષના પ્રારંભે સેવુ છુ.

**વલ્લભભાઇ પટેલ**
**- ચેરમેન, કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ**



ગાંધીનગરના ચીફ ફાયર ઓફિસર તરીકે હુ આ નવુ વર્ષ ખુબ સલામતભર્યુ જાય અને દુર્ઘટનાઓ ટળે તેવી અપેક્ષા સાથે વેલકમ કરુ છુ. જાહેર જનતા પણ સલામતીના મામલે જાગૃતી દાખવે અને ઘટના દુર્ઘટનાઓને સ્થાન ન મળે તેવી પણ અપેક્ષા સેવુ છુ.

**મહેશ મોડ - ફાયર ઓફિસર**



વર્ષ ૨૦૧૮ નગરજનો માટે શાંતિ અને સુખમય રહે તેવી અપેક્ષા સાથે નવા વર્ષને વેલકમ કરુ છુ. નગરમાં હાથ ધરાયેલી વિકાસની યોજનાઓ પુર્ણ થાય અને સફાઈ કામગીરી તરફ ધ્યાન કેન્દ્રીત થાય તે પણ અપેક્ષિત છે. વધુમાં નવા વર્ષમાં શહેરમાં ગુન્હાઓનુ પ્રમાણ ઘટે માર્ગ સલામતીના મામલે સરકાર અને નાગરિકો જાગૃત બને તેવી અપેક્ષા છે.

**અરુણ બુચ**
**- પ્રમુખ, શહેર વસાહત મહામંડળ**



દરેક દિવસ આપણને કાંઈક નવુ શિખવાડે છે. વિતેલુ વર્ષ વેપારી વર્ગ માટે જી એસ ટી ના કારણે થોડુ વ્યસ્ત રહ્યુ પરંતુ નવુ વર્ષ આપણા સૌ માટે સરળ અને સારુ રહે તથા આપણા સૌના જીવનમાં પ્રેમની મીઠાશ લાવે તેવી શુભકામના પાઠવુ છુ.

**વિપુલ સુખડીયા - વેપારી અગ્રણી**



ગુજરાતમાં નવી સરકાર સત્તા આરૂઢ થઈ છે. ત્યારે પ્લોટ વંચિત કર્મચારીઓને પ્લોટ ફાળવવા હકારાત્મક નિર્ણય લેવાય તેવી નવા વર્ષમાં અપેક્ષા છે.આ ઉપરાંત શહેરમાં સરકારી શાળાઓનુ ખાનગીકરણ બંધ કરી દિલ્હીની પેટર્ન મુજબ સરકારી શાળાઓને સ્માર્ટ શાળા બનાવવાની દિશામાં પગલા લેવાય તે પણ અનિવાર્ય છે. નગરના ઉજ્જડ બાગ બગીચાઓમાં હરિયાળી નિખરે અને નાના વેપારીઓને હોકર્સ લાઈસન્સ આપવામાં આવે તે પણ અત્યંત અપેક્ષિત છે.

**શૈલેન્દ્રસિંહ બિહોલા**
**- વિપક્ષ નેતા, ગાંધીનગર મહાનગરપાલિકા**



'નૂતન વર્ષે ગાંધીનગરના નાગિરકોમાં સેવા-ભાવના વધુ પ્રબળ બને, પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણ તોડી હિંદુ સંસ્કૃતિ તરફ સૌ પાછા વળે તથા દશ સેવા માટેની ભાવના જાગૃત થાય તેવી અપેક્ષા છે. આપણા પરિવારોમાં કુટુંબ ભાવના ખિલવા સાથે વડીલોનો આદર કરવામાં આવે તેમજ 'જીવસેવા એજ પ્રભુસેવા' નો મંત્ર જ આપણી સંસ્કૃતિ તથા સંસ્કાર છે તે ચરિતાર્થ વર્ષ ૨૦૧૮માં થાય તેવી આ વર્ષ પાસેથી અપેક્ષા છે.'

**- જીલુભા ધાંધલ**
**અગ્રણી સમાજિક કાર્યકર**

## બેસણું



અમારા પૂજ્ય માતુશ્રી અ.સૌ. રેવાબેન ઈશ્વરભાઈ પટેલ (લવારપુરવાળા) હાલ ગાંધીનગર તા. ૨૬/૧૨/૨૦૧૭ને મંગળવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૧/૧/૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઉમિયા સમાજ ભવન, કલેક્ટર કચેરીની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર**

લી.

| | |
|---|---|
| પટેલ જગદીશભાઈ કાન્તિલાલ | પટેલ રસિકભાઈ ઈશ્વરલાલ |
| પટેલ બળવંતભાઈ કાન્તિલાલ | (Ex. જીલ્લા પંચાયત, ગાંધીનગર) |
| પટેલ ઘનશ્યામભાઈ ચંદુલાલ | પટેલ જૈમીન રસિકભાઈ |
| પટેલ હસમુખભાઈ ચંદુલાલ | પટેલ રમણભાઈ ચતુરદાસ |
| પટેલ ઈશ્વરભાઈ ચતુરદાસ | પટેલ જગદીશ પુરષોત્તમદાસ |

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com